અપીલ અરજી નં.૨૫૨ તા.૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૧–૮–૦૯ નીઅરજીથી (૧) આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વગેરેઓએ સુ.મ.પા.ના જ માહિતી અધિકાર માંથીજ માર્ગદર્શન મેળવી મળેલા માર્ગદર્શન પ્રમાણે જરૂરી કિંમતનાં સ્ટેમ્પ પેપર પર અરજી કરેલ હોવા છતાં પુરાવાના અભાવે અરજીઓ દફતરે કરવામાં આવેલ છે એવુ તા.૨૦–૮–૦૯ ના આરટીઆઈ સેલનાં પત્ર ધ્વારા જાણવા મળ્યું છે માહિતી અધિકારમાંથી મેળવીને આપેલ પુરાવા તમોને મંજુર છે કે નહી? એની માહિતી (૨) સુ.મ.પા.ના દરેક ઝોનમાં જાહેર માહિતી અધિકારીની નિમણુંક કરવામાં આવેલ છે. સુ.મ.પા.નાં નિયમિત વેરો ભરનાર નાગરીક પોતાના કામ અંગે સંબંધિત વિભાગમાં અરજી કરે અને એજ વિભાગનાં અધિકારી કે કર્મચારી કામ અંગે દખલગીરી કે રૂકાવટ પેદા કરે ભ્રષ્ટાચાર જેવા કૃત્ય કરે તો એવા ભ્રષ્ટાચારી અધિકારી અથવા કર્મચારીને જાહેર માહિતી અધિકારી શિક્ષા કરવાના બદલે મદદ કરે એવુ માહિતી અધિકારનાં કયા કાયદામાં જોગવાઈ છે? તેની માહિતીઆપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૨/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૧–૮–૦૯નીઅરજીથી (૧) આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વગેરેઓએ સુ.મ.પા.ના જ માહિતી અધિકાર માંથીજ માર્ગદર્શન મેળવી મેળા માર્ગદર્શન પ્રમાણે જરૂરી કિંમતનાં સ્ટામ્પ પેપર પર અરજી કરેલ હોવા છતાં પુરાવાના અભાવે અરજીઓ દફતરે કરવામાં આવેલ છે એવુ તા.૨૦–૮–૦૯ ના આરટીઆઈ સેલનાં પત્ર ધ્વારા જાણવા મળ્યું છે માહિતી અધિકારમાંથી મેળવીને આપેલ પુરાવા તમોને મંજુર છે કે નહી? એની માહિતી (૨) સુ.મ.પા.ના દરેક ઝોનમાં જાહેર માહિતી અધિકારીની નિમણુંક કરવામાં આવેલ છે. સુ.મ.પા.નાં નિયમિત વેરો ભરનાર નાગરીક પોતાના કામ અંગે સંબંધિત વિભાગમાં અરજી કરે અને એજ વિભાગનાં અધિકારી કે કર્મચારી કામ અંગે દખલગીરી કે રૂકાવટ પેદા કરે ભ્રષ્ટાચાર જેવા કૃત્ય કરે તો એવા ભ્રષ્ટાચારી અધિકારી અથવા કર્મચારીને જાહેર માહિતી અધિકારી શિક્ષા કરવાના બદલે મદદ કરે એવુ માહિતી અધિકારનાં કયા કાયદામાં જોગવાઈ છે? તેની માહિતીઆપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૨૪૫ તા.૧૯/૯/૦૯ થી આપેલ માહિતી માંગવામાં આવેલ માહિતીનો યોગ્ય જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૬તા.૧૩–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને દિન–૨૦ ના વિલંબથી અપીલ કરેલ છે. જે અંગે વિલંબના કારણો, વાજબીપણું જણાવવા તથા અરજીના મુદ્દા નં .૨ માં કરેલ દાવા અંગે ઉપલબ્ધ આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૪૫ તા.૧૯–૯–૦૯ થી આપેલ માહિતીની મુળ અરજીની નકલ, તા.૧૯–૯–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩૧–૮–૦૯નીઅરજીથી (૧) આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વગેરેઓએ સુ.મ.પા.ના જ માહિતી અધિકાર માંથીજ માર્ગદર્શન મેળવી આપેલા માર્ગદર્શન પ્ર માણે જરૂરી કિંમતનાં સ્ટામ્પ પેપર પર અરજી કરેલ હોવા છતાં પુરાવાના અભાવે અરજીઓ દફતરે કરવામાં આવેલ છે એવુ તા.૨૦–૮–૦૯ ના આરટીઆઈ સેલનાં પત્ર ધ્વારા જાણવા મળ્યું છે માહિતી અધિકારમાંથી મેળવીને આપેલ પુરાવા તમોને મંજુર છે કે નહી? એવી માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે માંગેલ માહિતી બાબતે શું? કયા કયા દસ્તાવેજો જોઈએ છે તે સ્પષ્ટ થતું નથી કયા દસ્તાવેજો માંગ્યા છે તે સ્પષ્ટતા કરવા વિનંતી. (૨) સુ.મ.પા.ના દરેક ઝોનમાં જાહેર માહિતી અધિકારીની નિમણુંક કરવામાં આવેલ છે. સુ.મ.પા.નાં નિયમિત વેરો ભરનાર નાગરીક પોતાના કામ અંગે સંબંધિત વિભાગમાં અરજી કરે અને એજ વિભાગનાં અધિકારી કે કર્મચારી કામ અંગે દખલગીરી કે રૂકાવટ પેદા કરે ભ્રષ્ટાચાર જેવા કૃત્ય કરે તો એવા ભ્રષ્ટાચારી અધિકારી અથવા કર્મચારીને જાહેર માહિતી અધિકારી શિક્ષા કરવાના બદલે મદદ કરે એવુ માહિતી અધિકારનાં કયા કાયદામાં જોગવાઈ છે? તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી અધિકાર અધિનિયમના કાયદા હેઠળ આવતી ન હોય માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ ન હોય આપી શકાય એમ નથી. જયારે અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતીનો યોગ્ય જવાબ આપેલ નથી એવું જણાવી અપીલ કરવામાં આવેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારે વિલંબિત અપીલનું કોઈ વાજબીપણું તક આપવા છતાં રજૂ કરેલ નથી. તેમજ મુદ્દા નં.૨ માં કરેલ દાવા અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી. જે ધ્યાને લેતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ પ્રથમદર્શી રીતે ગ્રાહય રાખવા જોગ ઠરે નહી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માહિતી માંગણીનું વિષય વસ્તુ સ્પષ્ટ કરવા જણાવેલ છે. જે અરજદારે સ્પષ્ટ કરી મેળવેલ જણાતી નથી. મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર કલમ–૨ (એફ) અને ૨ (જે) સાથે સુસંગત હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,